# ઓફ લાઈન ટેન્ડર નોટીસ : ૦૫-૨૦૧૭-૧૮

ગુજરાત યુનિવર્સીટી ,નવરંગપુરા,અમદાવાદ-૯ તરફથી યુનિવર્સીટી કેમ્પસ માં સુકા ઝાડ ના ટ્રીમીંગ કામ માટે ભાવ પત્રક મંગાવવામાં આવે છે. આ કામનું ટેન્ડર યુનિવર્સીટીની વેબસાઈટ www.gujaratuniversity.ac.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. ભરેલું ટેન્ડર તા. ૧૮/૦૮/૨૦૧૭ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં રૂમ.નં. ૩૭, એડમીન વીંગ, યુનિવર્સીટી ટાવર બિલ્ડીંગ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ ખાતે પહોચાડવાનું રહેશે. કવર ઉપર સુકા ઝાડના ટ્રીમીંગ કામ માટે ભાવ પત્રક લખવાનું રહેશે. ભરેલ ભાવપત્રક સાથે ટેન્ડર ફી રૂ. ૬૦૦ અને EMD રૂ. ૫,૦૦૦ નો DD "રજીસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સીટી" ના નામનો મુકવાનો રહેશે. ભાવ પત્રક સાથે લેટરપેડ ઉપર અરજી, પેન કાર્ડ, પેઢી/માલીકીપણાનું પ્રમાણપત્ર, ધંધાનું સરનામું વિગેરે મુકવાનું રહેશે.

કા. કુલસચિવ

# ગુજરાત યુનીવર્સીટી

## ટેન્ડર ફોર્મ

યુનીવર્સીટી કેમ્પસ માં સુકા ઝાડ ના ટ્રિમિંગ કામ

માટે નું ટેન્ડર ફોર્મ

ઓફ લાઈન ટેન્ડર ક્રમાંક : ૦૫,૨૦૧૭-૧૮

# યુનીવર્સીટી કેમ્પસ માં સુકા ઝાડ ના ટ્રિમિંગ કામ

## અનુક્રમણિકા


| નંબર | પાનાં નંબર |
|---|---|
| 1. ટેન્ડર ની રૂપરેખા | ૩ |
| 2. કામગીરી વિશે માહિતી | ૪ |
| 3. સામાન્ય શરતો | ૬ |
| ૪. ભાવપત્રક | ૧૦ |


ઇજારદાર ના સહી સિક્કા

રજીસ્ટ્રાર

ગુજરાત યુનિ.

# યુનીવર્સીટી કેમ્પસ માં સુકા ઝાડ ના ટ્રિમિંગ કામ

## ટેન્ડર ની રૂપરેખા

| | |
|---|---|
| (૧) ટેન્ડર ફી | : રૂ. ૬૦૦ (નોન-રિફંડએબલ) |
| (૨) ટેન્ડર ફીજીકલી સબમીટ કરવાની છેલ્લી તારીખ | : ૧૮/૦૮/૨૦૧૭ |
| (૩) ટેન્ડર સબમીટ કરવાનું સ્થળ | : ગુજરાત યુનિવર્સીટી,<br>રૂમ.નં. ૩૭, એડમીન વીંગ,<br>યુનિવર્સીટી ટાવર બિલ્ડીંગ<br>નવરંગપુરા,<br>અમદાવાદ- ૩૮૦૦૯ |
| (૪) ડાઉનલોડ કરવા માટે યુનિવર્સીટી વેબસાઈટ ની વિગત | : www.gujaratuniversity.ac.in |
| (૫) અર્નેસ્ટમની ડીપોઝીટ ની રકમ | : રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર) |
| (૬) સિક્યોરીટી ડીપોઝીટ ની રકમ | : રૂ. ૨૫,૦૦૦ (પચ્ચીસ હજાર) |
| (૭) ટેન્ડર ખોલવાની તારીખ | : ૧૯/૦૮/૨૦૧૭ |

નોંધ : ભરેલ ભાવ પત્રક સાથે ટેન્ડર ફી અને અર્નેસ્ટમની ની રકમ નો બેંક નો ડ્રાફ્ટ અવશ્ય જમા કરાવવાનો રહેશે અન્યથા ટેન્ડર રદ ગણાશે.

# કામગીરી વિશે માહિતી

(૧) ઝાડ,જે તદ્દન સુકાયેલા હોય અને એસ્ટેટ વિભાગ માંથી કહેવામા આવે તેજ સુકયેલા ઝાડ નો નિકાલ કરવો.પોતાની મરજી મુજબ્ ના સુકાયેલ ઝાડ કોન્ટ્રાકટર કાઢી શકશે નહી.

(૩) જેટલા સુકા ઝાડનું કપાવવાના છે તે,કેટલા અને કઈ જગ્યાએ થી કાપવા તે એસ્ટેટ માથી ફક્ત એક જ વાર બતાવવામાં આવશે તેજ પ્રમાણે કોંટ્રાક્ટરે કામ કરાવવું.વારંવાર બતાવવા માટે કોઈ આવી શકશે નહી.

(૪) સુકા ઝાડ કાપવાનું નું કામ ક્વાર્ટર્સ,કેમ્પસ તેમજ હોસ્ટેલો માં જ્યાં કહેવામા આવે ત્યાં કામ કરવાનું રહેશે.

(૫) સુકા ઝાડ કાપવા માટે દોરડું,કુહાડી,ધરિયા વગેરે જરૂરી સાધનો કોંટ્રાક્ટરે લાવવાના રહેશે.યુનિવર્સિટી તરફ થી આપવામાં આવશે નહી.

(૬) રસ્તા માં નડતાં, કે જે સુકા ઝાડ ચાલુ દિવસે કપાય એવા ન હોઇ તેને, રજા ના દિવસે કોંટ્રાક્ટરે એસ્ટેટ ની સૂચના મુજબ કાપવાના રહેશે.

(૭) મોટા ઝાડની સાથે સુકા આસોપાલવ(મોટા) પણ ઓફિસમાંથી અપાતી સૂચના મુજબ કરવા પડશે.

(૮) કોંટ્રાક્ટરે દરરોજ એસ્ટેટ વિભાગ માં જરૂરી માર્ગદર્શન માટે મળવું પડશે જેથી કામ ની વિગત આપી લઈ શકાય.

________________________

કોન્ટ્રાકટર ની સહી અને સિક્કો

કોન્ટ્રાકટર નું સરનામું

____________________

____________________

____________________

____________________

ટેલિફોન નં:(ઘર)__________________

ઓફિસ:________________________

મોબાઈલ:____________________

# સમાન્ય શરતો

1. સૌથી નીચા ભાવ ભરનાર ઇજારદારશ્રીનું ટેન્ડર સ્વીકાર કરવામાં આવશે ટેન્ડર સ્વીકાર કરવું કે ના કરવું તેના અબાધિત અધિકાર રજીસ્ટ્રારશ્રીના રહેશે. સંતોષકારક કામગીરી ન કરાવના સંજોગો માં ૧૫ દિવસના સમય માટે નોટીસ આપી ઈજારદારશ્રીને છૂટાકરવામાં આવશે તેવા સંજોગોમાં સિક્યોરિટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.
2. યુનિવર્સિટી કેમ્પસ માં સુકા ઝાડ કાપવા માટે ના તમામ સાધનો કોન્ટ્રાકટર તરફથી લાવવાના રહેશે. મજૂરો પણ કોન્ટ્રાકટર તરફ થી લાવવાના રહેશે.
3. ઝાડ કાપ્યા બાદ નીચે પડેલ કચરા નો જેમ કે, ડાળીઓ (નાની), પાંદડા કાપતી વખતે ઊડેલ લાકડા ના ટુકડા વગેરે નો નિકાલ આપે કરી ચોખ્ખુ કરવાનું રહેશે.
4. સુકા ઝાડ કાપતી વખતે યુનિવર્સિટી ની દીવાલ,જાળી કે બિલ્ડીંગ તેમજ ઇલેક્ટ્રીક વાયરો,પાઇપો,પાણી ની પાઇપો,વગેરે નો અથવા અન્ય કોઈ પણ ચીજ ને નુકસાન ના થાય તેની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે.
5. સુકા ઝાડ કાપવા માટે આવેલા મજૂરો ને જે તે કામ ની કામગીરી અંગે ની મજુરી કોંન્ટ્રાક્ટરે ચૂકવવાની રહેશે તેમજ ઝાડ કાપતી વખતે મજૂરો ને કોઈ પણ જાતની જાનહાનિ વગેરે

થાય (પડવા,વાગવાની કે કોઈ ગંભીર ઇજા) તે અંગે ની જવાબદારી કોન્ટ્રાકટર ની રહેશે.

6. કામગીરીમાં મજુર ધારાને લગતા કાયદાનું પાલન કરવાની જવાબદારી ઈજારદારશ્રીની રહેશે કામ શરૂ કરતા પહેલા મજૂર લાયસન્સ લેવાનું રહેશે તેમજ વર્કમેન કામ્પેન્શેસન વીમો ઈજારદારશ્રી ઈ ઉતારી લેવાનો રહેશે.

7. સુકા ઝાડ કપાવનાર કોન્ટ્રાક્ટરે ઝાડ ના લાકડા કાપીને એકબાજુ કોઈને નડતર ન થાય તેમ અલગ મૂકવાના રહેશે.

8. સુકા ઝાડ કાપ્યા બાદ લારી, ટેમ્પો કે ટ્રક, ઓફિસ ના ચાલુ સમય દરમિયાન જ ભરાવવાનો રહેશે. રજા ના દિવસે કે ઓફિસ સમય પહેલા કે ઓફિસ સમય પછી ટેમ્પો લારી કે ટ્રક બોલાવીને ભરાવશો તો ગેટ પાસ બનાવી આપવામાં આવશે નહી. ટ્રક લોડ ઉપાડતા પહેલા રૂપિયા ૧૦,000/-(અંકે રૂપિયા દસ હજાર) એડવાન્સ ભરવાના રહેશે. જે સાધનમાં લાકડા લઇ જવાના હોય તે સાધનનું ખાલી વજન તથા લાકડા ભર્યા પછીનું વજન યુનીવર્સીટના પ્રતિનિધિની હજારીમાં વજનકાંટા ઉપર કરવાનું રહેશે.

9. કોન્ટ્રાક્ટર દ્વારા થયેલ કોઈ પણ જાતનું નુકશાન તેમને પોતાની રીતે ચૂકવવાનું રહેશે .લાકડા ની રકમ જે કોન્ટ્રાકટરે યુનિવર્સિટી

ને નિયમ પ્રમાણે ટેક્સ કાપીને ચૂકવવાનું થાય તેમાથી કપાત કરી શકાશે નહીં.

10. ૧૮ વર્ષ ઓછી વય ના મજૂરો ને બોલાવી શકાશે નહીં તેમજ કામે રાખી શકાશે નહીં, તમામ સરકાર શ્રી ના મજૂર કાયદાઓનું પાલન કરવાનું રહેશે.

11. યુનિવર્સિટી તરફથી કોઈ પણ કામ પ્રત્યે અસંતોષ જણાય તો તાત્કાલિક કામ બંધ કરાવવાની વગેરે ની સંપૂર્ણ સત્તા યુનિવર્સિટી પાસે રહેશે.

12. કોંન્ટ્રાકટરે કામ શરૂ થતાં પહેલા મજૂરો ની ઓળખ કરવવાની રહેશે જેથી કરીને અન્ય લોકો લાભ ના લે.

13. કોંટ્રાક્ટરે યુનિવર્સિટી ના સ્ટાફ કે,કેમ્પસ માં રહેતા કર્મચારી ઓ સાથે કોઈ પણ જાતની તકરારમાં ઊતરવું નહી.કોઈ પણ બાબત ની જાણ એસ્ટેટ વિભાગ ને કરવાની રહેશે.

14. કોઈ પણ જાત ની રકમ યુનિવર્સિટી તરફ થી એડવાન્સ આપવામાં આવશે નહી.

15. કામ અંગે ના કરાર થી ઉપસ્થિત થતાં કોઈ પણ વિવાદ માટે કોર્ટ ની હૂકુમત અમદાવાદ રહેશે.

16. જે કોન્ટ્રાકટર ના ભાવ મંજૂર કરવામાં આવે તે કોન્ટ્રાકટરે રૂ.૨૫૦૦૦/-(પચ્ચીસહજાર) સિક્યોરીટી ડીપોઝીટ પેટે યુનિવર્સિટી માં જમા કરાવવાની રહેશે. જે રકમ કરાર પૂર્ણ થયા બાદ

કોન્ટ્રાકટર ની કામગીરી ની ગુણવત્તા સંતોષકારક જણાય તો તેના આધારે પરત ચૂકવવામાં આવશે તેથી આ રકમ પર વ્યાજ ચૂકવવામાં આવશે નહી.

17. કોંટ્રાકટરે ફરજિયાત એક સુપરવાઇઝર ની નિમણૂક કરવાની રહેશે.જેમને કેમ્પસ માં ટ્રિમિંગ નું કામ ચાલે ત્યાં સુધી હાજરી આપવી પડશે.તેમજ કારીગરો તેમજ મજૂરો સાથે કામગીરી કરવાની રહેશે.

18. યુનિવર્સિટી ના સ્ટાફ ની હાજરી માં જ સુકા ઝાડ કાપવાના રહેશે.

19. યુનીવર્સીટીના સુપરવાઈઝરશ્રી ની મંજુરી સિવાય કોઈ ઝાડ કાપી શકાશે નહિ કે કેમ્પસ બહાર લાકડું લઇ જઈ શકાશે નહિ.

**20.** ઈજારદારશ્રી એ ભાવપત્રકમાં ભરવાના ભાવ સુકાઝાડ કાપવા ટ્રીમીગ કરવા માટે જરૂરી માલસામાન મજુરી ખર્ચ તમામ તથા લઇ જવાના ખર્ચ (ટ્રાન્સપોર્ટ)સહિત ભરવાનો છે.

યુનીવર્સીટી કેમ્પસ માં સુકા ઝાડ ના ટ્રિમિંગ કામ

# ભાવ પત્રક

| અનુ.ન. | કામની બાબત | કામનો ભાવ |
|---|---|---|
| ૧. | ગુજરાત યુનીવર્સીટી કેમ્પસમાંથી સુકા ઝાડ ટ્રીમીગ કરવા, કાપવા તથા લઇ જવા સહિત નું કામ તમામ માલસામાન મજુર ખર્ચ ટ્રાન્સ્પોર્ટેશન ખર્ચ તથા તમામ ટેક્ષ સહિતનો ભાવ | ૨૦ કિ.ગ્રા. વજનના લાકડા માટે ભાવ રૂ. ............................. |

ઈજારદારશ્રીની સહી

સિક્કો

રજીસ્ટ્રારશ્રીની સહી